હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



બહેન તમે સાતમ માટેની વાનગી લીધી હોય તો તમારે અમારી પેટ સાફ કરવાની દવા લઇ જવી એ સમજદારી રહેશે..

ગાંધીનગર હોમગાર્ડઝ દ્વારા તિરંગા યાત્રા-બાઈક રેલી યોજાઈ

ગાંધીનગર,તા.૧૭

આઝાદી કા અમૃત મહોત્સવની ૭૫ વર્ષની જન્મ જયંતીની ઉજવણીના ભાગ સ્વરૂપે સમગ્ર રાષ્ટ્રમાં હર ઘર તિરંગાના કાર્યક્રમને વ્યાપક અને વૈવિધ્ય સભર રીતે ઉજવવાના સંદર્ભે ગાંધીનગર જિલ્લાના તમામ યુનિટો ખાતે તિરંગા યાત્રા નીકળેલ હતી, તે પૈકી આજ રોજ ગાંધીનગર શહેર હોમગાર્ડઝ યુનિટ દ્વારા તિરંગા યાત્રા બાઈક રેલી જુના સચિવાલયથી વિધાનસભા ચ રોડ, ચ-૨ સર્કલથી ધ-૨ થી, ઞ-૨, મહાત્મા મંદિર રોડથી , ઞ-૫ થી, ૧૭-૨૨ ના બસ સ્ટેન્ડથી પંચદેવથી, સેક્ટર-૨૧, શાક માર્કેટથી, સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનથી જુના સચિવાલય ખાતે પરત આવેલ હતી. સદરહુ રેલીનું ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલ સિંહ ગોલ દ્વારા લીલી જંડી આપી પ્રસ્થાન કરવામાં આવેલ હતું. સદરહુ રેલીમાં સ્ટેન્ડિંગ કમિટના ચેરમેન શ્રી પટેલ સાહેબ, જિલ્લા કમાન્ડન્ટ શ્રી વિષ્ણુભાઈ પ્રજાપતિ, નહેરૂ યુવા કેન્દ્રના મનીષાબેન, જિલ્લાના સેકન્ડ ઈન કમાન્ડ શ્રી સી. એમ પરમાર તથા ગાંધીનગર યુનિટના તમામ અધિકારશ્રીઓ એન.સી.ઓઝ. તમામ હોમગાર્ડઝ સભ્યો, મહિલા હોમગાર્ડઝ સભ્યો હાજર રહી ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. સદરહુ તિરંગા રેલી યાત્રા શિસ્તબધ્ધ રીતે નીકળેલ હતી અને જિલ્લાના તથા યુનિટના તમામ અધિકારીશ્રીઓ, એન.સી.ઓઝ. તથા હોમગાર્ડઝ સભ્યોના સાથ અને સહકારથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાંઆવેલહતી.

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગરના કુડાસણ સ્થિત શુકન સ્કાય સોસાયટીમાં આ વર્ષે પ્રથમ વખત ૧૫મી ઓગષ્ટનાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આઝાદીના આ અમૃત મહોત્સવની ઉજવણી દેશભરમાં ઉત્સાહ અને ઉમંગથી થઈ રહી છે ત્યારે ૪૮૦ જેટલા ફ્લેટ ધરાવતી આ સોસાયટીનાં રહિશોએ પણ અન્ય ધાર્મિક ઉત્સવોની જેમ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવાનો નિર્ધાર કર્યો હતો. આવનારી પેઢીમાં રાષ્ટ્રભાવનાના સંસ્કારોનું સિંચન કરી શકાય તથા સોસાયટીનાં રહિશોમાં બંધુત્વની ભાવના કેળવાય તેવા હેતુથી આ વર્ષથી રાષ્ટ્રીય પર્વોને પણ ધાર્મિક પર્વોની જેમ સ્થાન આપવામાં આવ્યું છે.

ખૂણેખાંચરેથી

● સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટર ચેતન મિસણ હવે આગામી એકાદ દિવસમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લેશે.

● જિલ્લા વહીવટ તંત્રમાં આજે એક પણ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ ન હતું.

● ૧૯મીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગરના પ્રવાસે આવે તેવી સંભાવના છે.

● સરકારી કચેરીઓમાં આજે બપોર પછી ઘણી બધી મહિલા કર્મચારી રાંધણછઠ્ઠને લઈ ઘરે પહોંચી ગઈ હતી.

● ગાંધીનગર જિલ્લામાં આજે ૫૯૭૦ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં આઠમના મેળાની તૈયારીમાં કૃષ્ણભક્તો વ્યસ્ત બન્યા છે.

● આજે જિલ્લાના ગ્રામ સેવકોની બેઠક સે. ૧૫ ખાતે યોજાઈ હતી. જેમાં પાક કાપ અખતરાની તાલિમ આપવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં ભુવાઓને દુરસ્ત કરવાની કામગીરી ધીમી ગતિએ મનપાએ હાથ ધરી હોવાથી લોકોમાં રોષની લાગણી જન્મી છે.

● ગાંધીનગર શહેરમાં ડહોળા પાણીની ફરિયાદો ઉઠવા પામી છે.

● જૈનો દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી માટેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

● પર્વોને ધ્યાને રાખી મંદિરોમાં ભક્તોની ભીડ વધી રહી છે.

● શહેરમાં વાહન-પાર્કિંગની સમસ્યા હવે વિકરાળ બની ઉભરી રહી છે.

● રાંધણછઠ્ઠને લઈ આજે શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા હતા.

ચિલોડા જનક ભજન મંડળ દ્વારા ધાર્મિક યાત્રા યોજાઈ

ચિલોડા, તા. ૧૭

શ્રાવણ માસ નિમિત્તે દર વર્ષે ચિલોડા જનક મહિલા ભજન મંડળ દ્વારા ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે શ્રાવણ માસની ઉજવણીરૂપે ૫૨ ભજનમંડળની બહેનોએ લક્ઝરી બસમાં પાવાગઢ અને ડાકોર યાત્રાધામે ચિલોડાથી ઉમિયાનગરથી ૧૫મી ઓગષ્ટે રાત્રે ૧ વાગે બસનું પ્રસ્થાન કર્યુ હતુ. ત્યારબાદ તા. ૧૬મીએ સવારે ૫ વાગે પાવાગઢ બસ પહોંચી ચા-પાણી, નાસ્તો કરી સૌ ભાવિક ભક્તજનોએ વરસાદની હેલીમાં પ્લાસ્ટિક ઢાંકણ લઈ શ્રદ્ધાભેર પાવગઢ મહાકાલી માતાજીના દર્શનાર્થે રોપ-વે તથા પગપાળા દ્વારા પહોંચી દર્શન કર્યા હતા. ત્યારબાદ બપોરે ૧ વાગે ભોજન પ્રસાદ લઈ ત્યાંથી ચાર વાગે ડાકોર જવા રવાના થયા હતા. ત્યાં સમયસર સાંજે ૭ વાગે શ્રી રણછોડરાય ભગવાનની આરતીનો લ્હાવો લીધો. સૌ ભક્તજનોએ બજારમાંથી પ્રસાદ અને અન્ય ખરીદીમાં ઉત્સાહભેર પ્રવાસ માણ્યો હતો.

એબીવીપી દ્વારા લેકાવાડા ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, ગુજરાત પ્રાંત અધ્યક્ષ પ્રો. સંજયભાઈ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં લેકાવાડા ગામે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે લેકાવાડા ગામના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જ્યારે સંજયભાઈ દ્વારા પ્રાસંગીક પ્રવચન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન એબીવીપી ગાંધીનગરની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

૧૫મી ઓગષ્ટ ધ્વજવંદન અને શાનદાર કાર્યક્રમોથી સેક્ટર-૧૪માં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શૌર્યગીતોની રમઝટ સાથે ઉમેશચંદ્ર ગુપ્તા, નિવૃત્ત એરફોર્સના ફ્લાઈંગ ઓફીસર દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. મફતભાઈ દેસાઈએ મિલાપભાઈ ટાટરીયા ગૃપને સમગ્ર કાર્યક્રમ બદલ રૂ. ૧ હજાર, મહેન્દ્રભાઈ ચૌહાણે ૨૫૧ રૂ., જગદિશભાઈ સોલંકીએ ૨૫૧ રૂ. શુભેચ્છા પેટે આપેલ. ગુપ્તા પરિવાર તરફથી નાસ્તાનું પેકેટ પણ આપવામાં આવ્યા હતા.

સિવિલના ૫ કર્મચારીઓને ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરાયા

ગાંધીનગર તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રામકથા મેદાન સેક્ટર-૧૧ ખાતે કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયાએ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં અધિકારી-કર્મચારી સહિત નગરજનો હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ તાલુકા કક્ષાએ સરકારના વિવિધ વિભાગની કચેરીના ૨૨ કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મેડીસીન વિભાગના ડૉ. બજરંગ કુંમાવત, ડૉ. પ્રવિણ સોલંકી, નર્સિંગમાં પુષ્પાબેન પટેલ, રાજદીપ એજન્સીના સુપરવાઈઝર કૌશીક આસોડીયા અને ઈલાઈટ સિક્યુરીટીશ સુપરવાઈઝર મુકેશભાઈ પટેલને પ્રાંત અધિકારીના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જીવનઆસ્થાના કાઉન્સીલરને ગૃહ રાજ્યમંત્રીના હસ્તે એવોર્ડ મળ્યો

ગાંધીનગર, તા. ૧૭

કલોલ ખાતે યોજાયેલા જીલ્લાકક્ષાના ૧૫મી ઓગષ્ટના કાર્યક્રમમાં જીવનઆસ્થા હેલ્પ લાઈનના કાઉન્સીલર સંજય ગામીત અને કાજોલ પરમારને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રસંશાપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જીવનઆસ્થા હેલ્પલાઈન છેલ્લા સાત વર્ષથી આત્મહત્યા નિવારણ તથા માનસિક તણાવ દૂર કરવા કાઉન્સીલીંગ પુરૂ પાડે છે. અત્યાર સુધીમાં ૮૦ હજારથી વધુ કોલ્સ એટેન્ડ કરી માર્ગદર્શન આપવામાં આવ્યુંછે. તેમજ ૫૦૦થી વધુ વ્યક્તિઓને આત્મહત્યા કરતા રોકવામાં સફળતા મળેલી છે. બન્ને કાઉન્સીલરને તેની ઉમદા કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીનગર દ્વારા છેલ્લા ૭૫ વર્ષમાં ભારતની કેટલીક સિદ્ધિઓ દર્શાવીને બાળકોને પ્રેરણા આપવા માટે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ક્વિઝ, ગેમ્સ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, મ્યુઝિક અને બાળકો, માતા-પિતા અને દાદા-દાદી માટે ચળવળનો આનંદ માણ્યો હતો.

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ લિયો ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૦ ખાતે ધ્વજવંદન, તિરંગા રેલી તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લિયો ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ લિયો સીએ કરણ વિનોદ માનિકના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ નિમિતે ઉપસ્થિત ૧૬૦ જેટલા શાળાના વિદ્યાર્થીઓને બોલપેન તથા ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું. શાળાના પ્રિન્સીપલ કૈલાશબેન ગામેતી તથા અન્ય સ્ટાફ ટીચર દ્વારા સાથ સહકાર આપવામાં આવ્યો જેનો લિયો ક્લબ ઓફ ગાંધીનગર આભાર માને છે. લિયો ક્લબ ના ભૂતપૂર્વ પ્રમુખ રિકિન આચાર્ય અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા લિયો મિત્રોનો પણ આભાર.

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૭ની સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર શાળાના પટાંગણમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ(કડી) ગાંધીનગર શાખા સંચાલિત ચારે ભગીની શાળાના કો. ઓર્ડીનેટર નટવરભાઈ લાડાણીના વરદહસ્તે ધ્વજારોહણથી આ કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી હતી. ચારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. સેક્ટર-૧૨ની શાળાના આચાર્ય ભાવેશકુમાર જાની સંપૂર્ણ કાર્યક્રમમાં હાજર રહેનાર તમામ વ્યક્તિઓની આભારવિધિ કરી ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવા બદલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ **ટેલિ.:** +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦ **ફેક્સઃ** +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, **વેબસાઇટઃ** www.gspcgroup.com **ઇમેઇલઃ** investors.gspl@gspc.in

વીડીઓ કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડીયો વીઝયુઅલ માધ્યમ (ઓએવીએમ) મારફતે યોજાનાર ૨૪મી(ચોવીસમી) વાર્ષિક સાધારણ સભા, ઇ-મેઇલ આઇડી/મોબાઇલ નંબર / બેન્ક મેન્ડેટ્સ અપડેશન અને ડીવીડન્ડની આવક પર ટીડીએસની શેરધારકોને નોટિસ.

૧. વીસી/ઓએવીએમ દ્વારા કંપનીની ૨૪મી વાર્ષિક સાધારણ સભા :

આથી નોટિસ આપવામાં આવે છે કે **ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડ** (''કંપની'')ના શેરધારકોની ૨૪મી (ચોવીસમી) વાર્ષિક સાધારણ સભા (''એજીએમ'') ગુરૂવાર, તા.૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરનાં ૩:૦૦ વાગ્યે કંપની કાયદો ૨૦૧૩માં લાગુ પડતી જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાત) નિયમ ૨૦૧૫ ને કોર્પોરેટ બાબતોનાં મંત્રાલય દ્વારા જારી કરાયેલ (''એમસીએ પરિપત્રો'') સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા.૫મી મે,૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૧ તા.૧૩મી જાન્યુઆરી,૨૦૨૧ અને સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૨ તા.૦૫મી મે,૨૦૨૨ અને સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરાયેલ સેબીનાં પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે,૨૦૨૦, અને સેબીનાં પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા.૧૫મી જાન્યુઆરી,૨૦૨૧ અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તા.૧૩મી મે, ૨૦૨૨ (સેબી પરિપત્રો)ની જોગવાઈનું પાલન કરીને એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ ખાસ અને સાધારણ કામકાજની કાર્યવાહી કરવા માટે વીડીયો કોન્ફરન્સીંગ (''વીસી'') / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો (''ઓએવીએમ'') મારફત યોજવામાં આવશે.

સભ્યો માત્ર વીસી / ઓએવીએમ મારફત જ મીટીંગમાં જોડાઈને ભાગ લઈ શકશે. ૨૪મી એજીએમમાં જોડાવાની સુચના અને રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ અથવા ૨૪મી (ચોવીસમી) વાર્ષિક સાધારણ સભા દરમ્યાન ઈ-વોટિંગ પધ્ધત્તિથી મતદાન માં ભાગ લેવાની પ્રક્રિયા ૨૪મી એજીએમની નોટિસમાં પુરી પાડેલ છે. કંપની કાયદો ૨૦૧૩ હેઠળ વીસી / ઓએવીએમ મારફત એજીએમ માં ભાગ લેનાર સભ્યોની ગણતરી હાજર સભ્યોની ગણતરીમાં (કોરમની ગણતરીમાં) લેવાશે.

૨. વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ માત્ર ઇલેક્ટ્રોનિક માધ્યમ મારફત જ મોકલાશે :

એમસીએ પરિપત્રો અને સેબીના પરિપત્રો અનુસાર જે શેરધારકોનાં ઈ-મેઈલ એડ્રેસ કંપનીના આરએન્ડટીએ / ડીપોઝીટરી પાર્ટીસિપન્ટ પાસે નોંધાયેલા છે, તેઓને ૨૪મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૨ નો વાર્ષિક અહેવાલ તેમજ ૩૧મી માર્ચ, ૨૦૨૨ નાં રોજ પુરા થતાં નાણાંકિય વર્ષ અંતેના નાણાંકિય પત્રકો (ફાયનાન્શીયલ સ્ટેટમેન્ટ્સ) ઈ-મેઈલ મારફત મોકલાશે. ૨૪મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપર તેમજ કંપનીનાં શેર લીસ્ટેડ છે તે સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ એટલે કે બી.એસ.ઈ. લિમિટેડ (www.bseindia.com) ઉપર અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડીયા લિમિટેડ (www.nseindia.com) અને સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસિસ (ઈંડિયા) લિમિટેડ (સી.ડી.એસ.એલ.) ની વેબસાઈટ (www.evotingindia.com) ઉપર પણ ઉપલબ્ધ છે.

૩. ઈ-મેઈલ આઇડી / મોબાઇલ નંબર અને બેન્ક મેન્ડેટ્સ / નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :

ઈ-મેઈલ આઇડી / મોબાઇલ નંબર નોંધવવાની / અપડેટ કરાવવાની રીત :

- **ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓ કે જેઓએ તેમનાં ઈ-મેઈલ આઈડી / મોબાઈલ નંબર કંપની પાસે નોંધાવેલ નથી તેઓ KFin Technologies Limited ("KFintech") ને ફોર્મ ISR–1 મોકલીને અથવા આ ફોર્મ ઈ-સાઈન કરીને તેને einward.ris@kfintech.com. પર ઈ-મેઈલથી મોકલીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ ISR–1 કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપરથી મેળવી શકાશે.
- **ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓએ પત્રવ્યવહાર મેળવવા માટે તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેઓનાં ઈ-મેઈલ એડ્રેસ અને લોગિન ઓળખપત્ર મેળવવા માટે મોબાઈલ નંબર અપડેટ કરાવવા વિનંતી.

બેન્ક મેન્ડેટ નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :

- **ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓ કે જેઓએ ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સર્વીસ અથવા અન્ય કોઈ માધ્યમ (''ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટ'') દ્વારા તેમનાં બેન્ક ખાતામાં ડિવીડન્ડ મેળવવા માટે બેન્ક મેન્ડેટ અપડેટ કરાવેલ નથી, તેઓ સીધા જ તેમનાં બેન્ક ખાતામાં ઈલેક્ટ્રોનીકલી ડિવીડન્ડ મેળવવા માટે તેમની વિગતો જેવી કે બેન્ક અને તેની શાખાનું નામ, બેન્ક ખાતા નંબર, IFS કોડ KFin Technologies Limited ("KFintech") ને ફોર્મ ISR–1 માં મોકલીને અથવા આ ફોર્મ ઈ-સાઈન કરીને તેને einward.ris@kfintech.com. પર ઈ-મેઈલથી મોકલીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ ISR–1 કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપરથી મેળવી શકાશે.
- **ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેમની ઈલેક્ટ્રોનિક બેંક મેન્ડેટ અપડેટ કરાવી લેવા વિનંતી

૪. એજીએમ માં પ્રસ્તુત ઠરાવો પર મતદાન કરવાની રીત :

કંપની તેનાં સભ્યોને એજીએમમાં પ્રસ્તાવમા મુકાયેલ ઠરાવો પસાર કરવા માટે તેમનો મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-વોટીંગ)ની સવલત આપેલ છે. આ ઉપરાંત એજીએમ વખતે પણ ઈલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા (ઈ-વોટીંગ) કરવાની સવલત પ્રાપ્ત થશે. મીટીંગમાં ભાગ લેતાં સભ્યો કે જેઓએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપેલ નથી તેઓ તેમનો મત એજીએમ વખતે આપી શકશે. જે સભ્યો ડિમટીરલાઈઝ્ડ મોડ, ફિઝીકલ મોડ માં શેર ધરાવતા હોય અને જે સભ્યોએ તેમનું ઈ-મેઈલ સરનામુ નોંધાવ્યું નથી તેઓને રિમોટ ઈ-વોટીંગ / ઈ-વોટીંગ મારફત મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમ ની નોટિસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસિસ (ઈંડિયા) લિમિટેડ (સીડીએસએલ) ની વેબસાઈટ પર www.evotingindia.com પણ ઉપલબ્ધ છે.

૫. ડીવીડન્ડ, ડીવીડન્ડની રેકોર્ડ તારીખ, એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત અને ડીવીડન્ડની આવક પર વેરો :

ડીવીડન્ડ અને ડીવીડન્ડની રેકોર્ડ તારીખ

કંપની એ તા. ૧૨મી મે,૨૦૨૨ ના રોજ યોજાયેલ કંપની નાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગ માં ૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષ માટે રૂ.૧૦.૦૦ના એક એવા પ્રતિ શેર દીઠ રૂ. ૨.૦૦ (એટલે કે ૨૦%) ડીવીડન્ડની ભલામણ, આગામી એજીએમમા શેરધારકોની મંજુરીની અપેક્ષાએ ભલામણ કરેલ છે.

કંપની એ, ૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષ માટે પ્રતિ શેર દીઠ રૂ. ૨.૦૦ (એટલે કે ૨૦%) ડીવીડન્ડનાં અધિકાર માટે શુક્રવાર, ૨જી (બીજી) સપ્ટેમ્બર, ૨૦૨૨ ને ''રેકોર્ડ ડેટ'' નક્કી કરેલ છે.

એજીએમ વખતે ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :

૨૪મી એજીએમમાં જો શેરધારકો દ્વારા ડીવીડન્ડ મંજૂર કરવામાં આવેતો જે શેરધારકોએ તેમની બેંકની માહિત અપડેટ કરેલ છે તેઓને ઈલેક્ટ્રોનીક મોડ મારફતે ચુકવાશે. જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરાવેલ નથી. તેઓને તેમના રજીસ્ટર્ડ સરનામે ડીવીડન્ડ વોરંટ/ડીમાડ ડ્રાફ્ટ મોકલાશે.

ડીવીડન્ડ મેળવવામાં મોડું થતું અટકાવવાં માટે અને ચુકવણીની તારીખે જ પોતાનાં બેંક ખાતામાં મેળવવા માટે, ઉપરાનાં ફકરા ૩માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેંકની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

ડીવીડન્ડની આવક પર વેરો

નાણાં અધિનિયમ, ૨૦૨૦ને અનુસરીને તા.૧લી એપ્રિલ, ૨૦૨૦થી શેરધારકોનાં હાથમાં આવતી ડીવીડન્ડની આવક વેરાપાત્ર ગણાશે અને કંપનીએ શેરધારકોને ચુકવેલ ડીવીડન્ડ પર (ટીડીએસ) સ્ત્રોત પર પ્રવર્તમાન દરે કર કપાત કરવી જરૂરી છે. શેરધારકોને વિનંતી છે કે ફીઝીકલ મોડમાં શેર ધરાવનારે કંપનીના રજીસ્ટાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આર એન્ડ ટીએ) જેવા કે KFin Technologies Limited ('Kfin') અને ડીમેટ મોડમાં શેર ધરાવનારે ડીપોઝીટરી પાર્ટિસિપન્ટ પાસે તેમના PAN કાર્ડ અપડેટ કરાવી દેવા.

આવકવેરા કાયદાની કલમ ૧૯૪ હેઠળ, રહેવાસી ભારતીય શેરધારકો માટે નીચે મુજબ વેરો કપાશે :

માન્ય PAN કાર્ડ ધરાવનાર શેરધારકો	૧૦%
PAN કાર્ડ / માન્ય PAN* કાર્ડ ન ધરાવનાર શેરધારકો	૨૦%
જે શેરધારકોએ (૧) અગાઉના વર્ષનું આવક વેરા રીટર્ન ભરેલ નથી તેમજ કાયદાની કલમ ૧૩૯(૧) હેઠળ તેની નિયત તારીખ વીતી ગઈ છે અને (૨) આ વર્ષ દરમ્યાન કુલ કર કપાત(ટીડીએસ) રૂ.૫૦,૦૦૦/- કે તેથી વધારે થઇ હોય. (કાયદાની કલમ ૨૦૬એબી નો સંદર્ભ લેવો.)	૨૦%

રહેવાસી ભારતીય શેરધારકોને કંપની એ ચુકવવેલ ડીવીડન્ડની રકમ રૂ.૫૦૦૦/- થી વધારે ન હોય તો ટીડીએસ લાગુ પડતો નથી. આ ઉપરાંત માન્ય પાનકાર્ડ ધરાવતાં રહેવાસી વ્યક્તિગત શેરધારકો કે જેઓની નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન કુલ આવક મુળભૂત મુકિત મર્યાદાથી વધારે થાય તેમ નથી તેઓ ફોમ નં.૧૫જી / ૧૫એચ સુપરત કરીને ટીડીએસ ન કપાવવા માટેનો લાભ મેળવવા ડીક્લેરેશન આપી શકેછે.

વિવિધ અન્ય વર્ગો જેવાં કે મ્યુચ્યુલ ફંડો, વિમા કંપનીઓ વિગેરેને પણ આવકવેરાનાં કાયદાની સુસંગત જોગવાઈ હેઠળ મળવાપાત્ર મુક્તિનો દાવો કરવા માટે ઉક્ત દસ્તાવેજો સુપરત કરવા જરૂરી છે.

બીન-રહેવાસી શેરધારકો માટે, આવકવેરા કાયદાની કલમ ૧૯૫/૧૯૬ડી/સંબંધિત અન્ય કોઈ કલમ હેઠળ ૨૦% / ૩૦% ના દરે કર (વત્તા લાગુ પડતો સરચર્જ અને સેસ) કપાશે. આમ છતાં બીન-રહેવાસી શેરધારકો (એફઆઈઆઈ / એફપીઆઈ) તેમનાં રહેણાંકનાં દેશ અને ભારત દેશ વચ્ચે થયેલ કર-સંધિ લાભકારક દરોનો લાભ મેળવી શકેછે. આ માટે જો તેઓ જરૂરી દસ્તાવેજો જેવા કે નો-પરમેનન્ટ એસ્ટાબ્લીશમેન્ટ અને બેનીફીશીયલ ઓનરશીપ ડીક્લેરેશન, ટેક્ષ રેસીડેન્સી સર્ટીફીકેટ, આવક વેરા વિભાગની વેબસાઈટ પરથી ઓનલાઈન ભરેલ ફોર્મ ૧૦એફ તેમજ કર સંધિ લાભ મેળવવા માટે અન્ય જે કોઈ જરૂરી હોય તેવા દસ્તાવેજો પુરા પાડવાનાં રહેશે.

શેરધારકોને, કેટેગરી મુજબ લાગુપડતા ટીડીએસની મુક્તિ / લોઅર ટીડીએસ દાવો કરવાનાં જરૂરી દસ્તાવેજો સુપરત કરવાની વિગતો વેબલીંક/ઈ-મેઈલ સાથે, તેમનાં આર એન્ડ ટીએ / ડેપોઝીટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાયેલ ઈ-મેઈલ આઈડી મુજબ એક અલગ ઈ-મેઈલ કોમ્યુનિકેશન દ્વારા તા. ૦૯ ઓગષ્ટ, ૨૦૨૨ ના રોજ મોકલવામાં આવી છે. ઉપરોક્ત માહિતી ૨૪મી વાર્ષિક સાધારણ સભાનાં યોજવાની નોટિસનાં ભાગ તરીકે પણ પુરી પડાશે. આ દસ્તાવેજો / ફોર્મ્સ અમારી વેબસાઈટ http://gspcgroup.com/gspl/tds-dividend. પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

શેરધારકોને વિનંતી કે ઉપરોક્ત દસ્તાવેજો / ફોર્મ્સ અમારાં આર એન્ડ ટીએ "KFin" નાં અપલોડ સેન્ટર https://ris.kfintech.com/form15 પર અપલોડ કરવા અથવા ને einward.ris@kfintech.com. ઈ-મેઈલ મારફત મોકલવા.

શેરધારકાને ઉપર દર્શાવેલ ડીક્લેરેશન અને દસ્તાવેજો તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં કે તે અગાઉ સુપરત કરવા વિનંતી.

આથી સર્વ ધારકો એ નોંધ લેવી કે તા. ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૨૨ બાદ મળેલ કે અધુરા કે ક્ષતિવાળા ફોર્મ ધ્યાને લેવાશે નહિં અને કંપની દ્વારા ટેક્ષ ન કાપવા માટે કે ઓછો કાપવા માટે લાયક ગણાશે નહિં.

જો ઉપરોક્ત કારણોસર કર કપાત થયેલ હશે તો શેર ધારક આવક વેરાનું યોગ્ય રીટર્ન ફાઈલ કરીને તેનું રીફન્ડ આવક વેરા ખાતા પાસેથી મેળવી શકે છે અને આવા કપાયેલા ટેક્ષ બાબત કંપની પર કોઈ જાતનો દાવો કરી શકાશે નહિ તે બાબતની પણ નોંધ લેવા વિનંતી.

ટીડીએસ પર ઉપરોક્ત વર્ણન ફક્ત કાયદાની જોગવાઈઓને સારાંશમાં સુયોજિત કરે છે અને તેનો હેતુ તમામ સંભવિત કર પરિણામોનું સંપુર્ણ વિશ્લેષણ અથવા સુચિ કરવાની નથી. શેરધારકો તેમના પોતાના સંજોગોમાં લાગુ પડતા કરની જોગવાઈઓ માટે તેમનાં પોતાના કર સલાહકારોનો સંપર્ક કરવો જોઈએ.

ઉપરોક્ત માહિતી એમસીએનાં પરિપત્રો અને સેબીનાં પરિપત્રો અનુસાર, કંપનીનાં તમામ સભ્યશ્રીઓની જાણ માટે અને લાભાર્થે મોકલેલ છે.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
રાજેશ્વરી શર્મા
કંપની સેક્રટરી

તારીખ : ૧૭/૦૮/૨૦૨૨
સ્થળ : ગાંધીનગર